સુરત-સિટી ભાસ્કર 04-01-2025

**INTERVIEW OF THE WEEK** કેપી ગ્રુપના વ્હોલ ટાઇમ ડિરેક્ટર અફ્ફાન પટેલ સાથેની વાત

# કામ લઈ લીધા પછી ખોટ જાય કે નફો, પૂર્ણ કરીને જ ગ્રાહકને આપીએ, જેના પરિણામે અમારા 250થી વધુ હેપ્પી કસ્ટમર્સ છે

સુરત | પ્રગતિની રેસમાં સુરત દેશમાં હંમેશા અગ્રેસર રહ્યું છે અને હવે એની કમાન યુવા પેઢી સંભાળી રહી છે. એમાંથી એક છે અફ્ફાન ફારુક પટેલ. જે વ્હોલ ટાઇમ ડિરેક્ટર છે કેપી એનર્જી (કેપી ગ્રુપ)ના. જેમણે સિટી ભાસ્કરની સાથે મુલાકાતમાં એમના અનુભવ અને વિઝન રજુ કર્યા હતા.

## મારા પિતાને હું દુનિયાના બેસ્ટ મેન્ટર માનું છું, તેમની દુરદેશીએ મને સ્કેટમાં એન્જિનિયરિંગ કરાવ્યું

**ખૂબ નાની ઉંમરે રૂ. 190 બિલિયનની કંપનીમાં મહત્વની ભૂમિકા નિભાવો છો, કેવું લાગે છે?**

▪ સ્વભાવિક છે કે, રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં આટલા વિશાળ પોર્ટફોલિયો ધરાવતી કેપી ગ્રુપની સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ કેપી એનર્જીનું સંચાલન કરવા મળે તેનો આનંદ અનેરો હોય. પરંતુ તેની સાથે જવાબદારીપૂર્વક આ તકને ઉઠાવીને પરિપૂર્ણ કરવાની ચેલેન્જ પણ છે. ટીમ સાથે મળીને અમે આગળ વધી રહ્યાં છે. સાથે જ કંઈકને કંઈક નવું શીખી પણ રહ્યાં છીએ.



અફ્ફાન ફારુક પટેલ, વ્હોલટાઇમ ડિરેક્ટર, કેપી એનર્જી (કેપી ગ્રુપ)

**બીજી પેઢીના બિઝનેસમેન બનવું સહેલું છે?**

▪ મેં કહ્યું તેમ, જવાબદારી વધી જાય છે. મારા પિતાજી ડો. ફારુક પટેલે વર્ષ 1994માં કેપી ગ્રુપની સ્થાપના કરી. તેમની 30 વર્ષની મહેનત અને વિઝન સાથે આજે 3 કંપની કેપીઆઈ ગ્રીન એનર્જી, કેપી એનર્જી અને કેપી ગ્રીન એન્જિનિયરિંગ સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ છે. ત્રણેય કંપનીની કુલ માર્કેટ કેપ 19 હજાર કરોડથી વધુ છે. ત્યારે, તમારો દરેક નિર્ણય કંપની માટે મહત્વપૂર્ણ બની રહે તે જરૂરી છે. ડો. ફારુક પટેલ જેવા મિત્ર સમાન પિતા હોય તો બિઝનેસ પર ગ્રિપ આસાનીથી આવી શકે છે.

**કંપની બાબતે નિર્ણયો લેતી વખતે તમે કોઈ ચોક્કસ વિષય પર કેવો વિચાર કર્યો?**

▪ અમે 360 ડિગ્રી વિચાર કરીએ છીએ. ટીમનો ઓપિનિયન સામે રાખીએ છીએ. ઈફ એન્ડ બટ ચકાસી લઈએ છીએ. હા, પણ હાથ પર લીધેલું કામ જરૂર પુરું કરીએ છીએ. પપ્પાએ એવું શીખવ્યું છે કે, કોઈ કામ લઈ લીધા પછી તમને લાગે કે ખોટ જશે તો પણ તેને પૂર્ણ કરીને જ કસ્ટમરને આપવું. જેના કારણે આજે અમારા 250થી વધુ હેપી કસ્ટમર છે.

**કંપનીમાં હોદ્દો આપતા પહેલા તમારા પિતાએ તમને અને તમે પોતે તમારી જાતને કેવી રીતે તૈયાર કરી?**

▪ મારા પિતાને હું દુનિયાના બેસ્ટ મેન્ટર માનું છું. રિન્યુએબલ એનર્જીના બિઝનેસમાં આવ્યા બાદ જ પપ્પાની દુરંદેશીથી મને સ્કેટમાં એન્જિનિયરિંગ કરાવ્યું. કોલેજ કાળથી જ મને સમય મળે ત્યારે તેઓ મને ઓફિસમાં બોલાવતા અને બિઝનેસ અંગે ચર્ચા કરતા. ઘરે પણ પપ્પા બિઝનેસ અંગે અમારી સાથે ચર્ચા કરે. અત્યારે હું જ્યારે કેટલાક બિઝનેસ નિર્ણય લઈ તેમની સમક્ષ જાવ છું ત્યારે મને સમજાય છે કે તે બધુ એક મેન્ટરિંગના ભાગરૂપે હતું. જે મને આજે ઘણું ઉપયોગી નિવડે છે. એન્જિનિયરિંગ બાદ પપ્પાએ મને બિઝનેસ એક્સપર્ટના હાથ નીચે રોજ-બરોજના કામોમાં પણ એટેચ કર્યો. 5 વર્ષથી હું ફૂલફ્લેજ બિઝનેસમાં છું અને આજે હું કેપી એનર્જી લિ.નો વ્હોલ ટાઈમ ડિરેક્ટર છું. કેપી એનર્જી ઉપરાંત દરેક કંપનીના મહત્વના નિર્ણયોમાં હું સામેલ હોઉં છું. કેપી ગ્રુપના ટોટલ પોર્ટફોલિયો આજે 4.6 ગીગાવોટ કરતા વધુનો છે અને અમે 2030 સુધીમાં 10 ગીગાવોટના ટાર્ગેટ સાથે આગળ વધી રહ્યાં છીએ.

**તમને લાગે છે કે આ વ્યવસાયમાં તમને ઓછો અનુભવ છે?**

▪ હું કહીશ કે મારી પાસે 36થી 37 વર્ષનો અનુભવ છે. તમે કહેશો કે કેવી રીતે.? તો હું કહીશ કે મારા પિતાના 30 વર્ષથી વધુના અનુભવ અને મારા કોલેજકાળથી જોડાવાના અનુભવને જોડીએ તો હું આટલો અનુભવી કહેવાઉં. ઉપરાંત અમારી 1100થી વધુની કાબેલ ટીમ, ઈન્ક્લુડિંગ IIM & IIT, સિનિયરોના સહકારને કારણે ક્યારેય પણ એવું મેં અનુભવ્યું નથી.